ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



### રાજ્યસભા સાંસદ ડૉ. જશવંતસિંહ પરમારે મુખ્યમંત્રીને રજૂઆત કરી

## ગોધરા ભુરાવાવ ચોકડીથી દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે સુધીના માર્ગને ૬-લેન બનાવવા માંગ પ્રબળ બની

**હાલ માર્ગ બિસ્માર હોવાથી પાણી ભરાવાના કારણે અકસ્માતોની સંભાવના પણ ખૂબ વધી જાય છે**



(પ્રતિનિધિ) ગોધરા, તા.27
પંચમહાલ જિલ્લાના ગોધરામાં ભુરાવાવ ચોકડીથી દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેના ઈનલેટ અને આઉટલેટ સુધીના ૨ કિલોમીટરના અત્યંત વ્યસ્ત માર્ગને યોગ્ય ડ્રેનેજ સુવિધા સાથે ૬-લેનમાં રૂપાંતરિત કરવા માટે રાજ્યસભાના સાંસદ ડૉ. જશવંતસિંહ પરમારે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને રજૂઆત કરી છે. રાજ્યસભાના સાંસદ દ્વારા ટ્રાફિક અને પાણી ભરાવાની સમસ્યાના કાયમી ઉકેલ માટે આ માર્ગનો જરૂરી સર્વે કરી આયોજન તથા વહીવટી મંજૂરી તાત્કાલિક ધોરણે આપવા માંગ કરવામાં આવી છે. મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં ડૉ. જશવંતસિંહ પરમારે પરિસ્થિતિનો ચિતાર આપતા જણાવ્યું છે કે, ગોધરા શહેરનો આ મુખ્ય માર્ગ હોવાથી અહીં દૈનિક ધોરણે મોટી સંખ્યામાં ભારે વાહનોની અવરજવર રહે છે. પરંતુ વરસાદી પાણીના યોગ્ય નિકાલના અભાવે ચોમાસા દરમિયાન માર્ગ પર ભારે પાણી ભરાઈ જવાની સ્થિતિ સર્જાય છે. જેના કારણે રોડ વારંવાર તૂટી જાય છે અને ગંભીર ટ્રાફિક જામની સમસ્યા ઊભી થાય છે. આ સમસ્યાના કારણે વાહનચાલકો, સ્થાનિક નાગરિકો તેમજ આસપાસના વેપારીઓને પારાવાર હાલાકીનો સામનો કરવો પડે છે. એટલું જ નહીં, બિસ્માર માર્ગ અને પાણી ભરાવાના કારણે અકસ્માતોની સંભાવના પણ ખૂબ વધી જાય છે. આ તમામ બાબતો અને જનહિતને ધ્યાનમાં રાખીને લોકોની આ પારાવાર મુશ્કેલી દૂર કરવા માટે સત્વરે ડ્રેનેજ વ્યવસ્થા સાથેના ૬-લેન માર્ગની કામગીરી શરૂ કરવા બાબતે સરકાર હકારાત્મક અને સત્વરે નિર્ણય લે તેવી ભલામણ રાજ્યસભાના સાંસદ દ્વારા કરવામાં આવી છે.

## કાલોલના અડાદરા ગામેથી ૪ જુગારી ઝડપી પડાયા

(પ્રતિનિધિ) કાલોલ, તા.27
કાલોલ તાલુકામાં આવેલ અડાદરા ગામે વેજલપુર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા બાતમીના આધારે રેઈડ પાડીને ખુલ્લા ખેતરમાં જુગાર રમતા ચાર ઈસમોને રોકડ રકમ તથા જુગારના સાહિત્ય સાથે રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસ દ્વારા આ મામલે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે વેજલપુર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ તથા અન્ય પોલીસ સ્ટાફ અદાદરા વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન અડાદરા ગામે આઈ.ટી.આઈ. (ITI) પાછળ આવેલ ઝાડી-ઝાંખરાવાળા ખેતરોમાં કેટલાંક ઈસમો ભેગા મળીને જાહેરમાં પત્તા-પાનાનો હારજીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે જુગારીઓને ઝડપી લીધા હતા.

### વિવિધ વિસ્તારોમાં ભ્રમણ બાદ રામસાગર તળાવ ખાતે તાજીયા ઠંડા કર્યા

## ઝાલોદમાં મોહરમ નિમિત્તે નીકળેલા જુલૂસમાં મુસ્લિમ બિરાદરો ઉમટ્યા



(પ્રતિનિધિ) દાહોદ, તા.27
ઝાલોદ નગરમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ મોહરમ પર્વની પરંપરાગત શ્રદ્ધા, ઉલ્લાસ અને શાંતિપૂર્ણ માહોલમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, જેમાં સમગ્ર મુસ્લિમ સમાજ માં ભારે ઉત્સાહ અને અકિદતનો માહોલ જોવા મળ્યો હતો. આ પવિત્ર પ્રસંગે નગરના અલગ-અલગ મહોલ્લાઓ અને વિસ્તારોમાંથી આકર્ષક, કલાત્મક અને ભવ્ય તાજીયા કાઢવામાં આવ્યા હતા, જે નગરજનો માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. પરંપરાગત વાજતે-ગાજતે નીકળેલા આ ભવ્ય જુલૂસમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા અને મોહરમના ગમગીન માહોલ વચ્ચે 'યા હુસૈન'ના નારાઓ સાથે આ જુલૂસ નગરના મુખ્ય બજારો, ચાર રસ્તાઓ તેમજ અગાઉથી નિર્ધારિત કરાયેલા વિવિધ માર્ગો પર શાંતિપૂર્ણ રીતે ફર્યું હતું. નગરના વિવિધ વિસ્તારોમાં ભ્રમણ કર્યા બાદ આ વિશાળ જુલૂસ પરત ઐતિહાસિક રામસાગર તળાવ ખાતે આવી પહોંચ્યું હતું, જ્યાં પરંપરાગત ધાર્મિક રીત-રિવાજો અને વિધિ અનુસાર રાત્રિ દરમિયાન તમામ તાજીયાને વિધિવત રીતે ઠંડા કરવામાં આવ્યા હતા બીજી તરફ, આ મોટા ધાર્મિક આયોજનને ધ્યાનમાં રાખીને ઝાલોદ પોલીસ વિભાગ પણ અગાઉથી જ સંપૂર્ણપણે સજ્જ અને એલર્ટ મોડમાં જોવા મળ્યું હતું. નગરમાં કોઈ પણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન ઘટે, શાંતિ ડહોળાય નહીં અને કાયદો તેમજ વ્યવસ્થાની સ્થિતિ ચુસ્તપણે જળવાઈ રહે તે માટે પોલીસ પ્રશાસન દ્વારા સંવેદનશીલ પોઈન્ટ્સ અને રામસાગર તળાવ સહિતના વિસ્તારોમાં કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો તેમજ ઉચ્ચ અધિકારીઓની દેખરેખ હેઠળ સતત પેટ્રોલિંગ કરીને સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી હતી.

## હાલોલની એમ.એન્ડ વી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની વિદ્યાર્થિની વાઈબ્રન્ટ ગુજરાતમાં ઝળકી



(પ્રતિનિધિ) હાલોલ, તા.27
ગુજરાત સરકારની 'સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી' એટલે કે SSIP ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની પ્રતિભાને વૈશ્વિક મંચ પૂરું પાડી રહી છે. આવો જ એક ગૌરવવંતો કિસ્સો પંચમહાલના હાલોલમાંથી સામે આવ્યો છે,જ્યાં એક કોલેજની વિદ્યાર્થિનીએ સમાજ ઉપયોગી ઈનોવેશન કરીને મહિલા ઉદ્યોગસાહસિકતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

હાલોલની એમ. એન્ડ વી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની હોંશિયાર વિદ્યાર્થિની દિશા વિનોદભાઈ ચાંદોરાએ એક અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. દિશાએ સમાજના રોજગારલક્ષી વર્ગને ઉપયોગી થઈ શકે તેવા 'સોલર કવચ' સ્ટાર્ટ-અપ પ્રોજેક્ટ માટે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના SSIP સેલ તરફથી સરકારી ફંડ મેળવવામાં સફળતા મેળવી છે.તાજેતરમાં ૧૮ જૂન, ૨૦૨૬ના રોજ હાલોલના પોલીકેબ યુનિટ-૩ ખાતે આયોજિત 'વાઈબ્રન્ટ ગુજરાત - જિલ્લા કક્ષાના કાર્યક્રમ'માં દિશાએ ઉપસ્થિત આમંત્રિત મહાનુભાવો અને ગુજરાત સરકારના પ્રતિનિધિઓ સમક્ષ આ પ્રોજેક્ટનું શાનદાર પ્રેઝન્ટેશન આપ્યું હતું.

## અંધાત્રી ગ્રા.પં.નાં મહિલા સરપંચ ફરી ખુરશી પર બિરાજશે

વાલોડઃ વાલોડની અંધાત્રી ગ્રામ પંચાયતનાં મહિલા સરપંચ ભાવનાબેન ઢોડિયાને રાહત મળી છે. વહીવટી પ્રક્રિયા વિના નાણાકીય ચૂકવણું અને કામોમાં વિસંગતતાના આક્ષેપસર સરકારી નિયમો હેઠળ તાપી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ગત ૨૩ એપ્રિલ-૨૦૨૫ના રોજ તેમને સરપંચ પદેથી દૂર કરવામાં આવ્યાં હતાં. જો કે, ભાવનાબેને આ અન્યાયી નિર્ણય સામે ગાંધીનગર વિકાસ કમિશનર સમક્ષ અપીલ દાખલ કરી હતી. સુનાવણી દરમિયાન સામે આવ્યું કે, વર્ષ ૨૦૨૨-૨૩નાં તમામ કામો ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં મંજૂર થયેલાં હતાં. તદુપરાંત, ૧૫મા નાણાપંચનાં કામોમાં તલાટીના સિક્કા ન હોવાની બાબતમાં સરપંચની નહીં પણ તલાટીની વહીવટી જવાબદારી બનતી હતી.

## કાલોલ તાલુકા ટીચર્સ ક્રેડિટ સોસાયટીની 101મી વાર્ષિક સાધારણ સભા મળી



(પ્રતિનિધિ) કાલોલ, તા.27
કાલોલ નગરમાં આવેલ ટીચર્સ ક્રેડિટ સોસાયટીના હોલમાં કાલોલ તાલુકા ટીચર સોસાયટીની 101 મી વાર્ષિક સાધારણ સભા મળી હતી ચેરમેન યુવરાજસિંહ જાદવના અધ્યક્ષ સ્થાને આ વાર્ષિક સાધારણ સભા મળી હતી જેમાં સેક્રેટરી ઘનશ્યામભાઈ પટેલ વાઈસ ચેરમેન જયદીપસિંહ વાઘેલા અને 581 ટીચર્સ સભાસદ ઉપસ્થિત રહ્યા હતા આ ટીચર સોસાયટીએ ચાલુ સાલે 35 લાખ ઉપરાંત નો નફો કરી હરણફાળ પ્રગતિ કરી છે. સ્થાપનાથી આજ સુધી વધુમાં વધુ નફો મેળવનાર ક્રેડિટ સોસાયટી બની છે આ સોસાયટી દ્વારા સ્વૈચ્છિક નિવૃત્તિ અને વય નિવૃત્તિના 11 શિક્ષકો નું શાલ ઓઢાડી બુકે અને ગિફ્ટ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું બોરુ પ્રાથમિક શાળામાંથી નિવૃત થયેલ પુષ્પાબેન સોલંકીને પૂર્વ સેક્રેટરી દિલીપસિંહ અને પૂર્વ ટીચર સોસાયટી સભ્ય જશવંતસિંહ દ્વારા શાલ બુકે અને ગીફ્ટ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

### આરોપી વિરુદ્ધ કાલોલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો

## વડોદરા મધ્યસ્થ જેલમાંથી ૭ દિવસની પેરોલ રજા પર મુક્ત થયેલો પાકા કામનો કેદી ફરાર

(પ્રતિનિધિ) કાલોલ, તા.27
વડોદરા મધ્યસ્થ જેલમાં સજા ભોગવી રહેલો એક પાકા કામનો કેદી નામદાર ગુજરાત હાઈકોર્ટમાંથી મંજૂર થયેલી પેરોલ રજા પૂર્ણ થયા બાદ જેલમાં નિયત સમયે હાજર ન થઈને ફરાર થઈ ગયો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ અંગે વડોદરા મધ્યસ્થ જેલના જ્યુડીશીયલ જેલર દ્વારા પંચમહાલના કાલોલ પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરિયાદ નોંધાવવામાં આવી છે.મળતી માહિતી અનુસાર, પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના મધવાસ (નવી નગરી) ગામનો વતની રમેશભાઈ મનુભાઈ નાયક (પાકા કામના કેદી નંબરઃ ૮૯૦૩૮) કાલોલ પોલીસ સ્ટેશનના વર્ષ ૨૦૨૨ના એક ગુનામાં આઈ.પી.સી. કલમ ૩૦૪(૨) હેઠળ હાલોલ સેસન્સ કોર્ટ દ્વારા ૧૧ માર્ચ, ૨૦૨૫ના રોજ ૭ વર્ષની કેદ અને રૂપિયા ૧,૦૦૦ના દંડની સજા પામ્યો હતો. આ સજાના ભાગરૂપે તે વડોદરા મધ્યસ્થ જેલમાં બંધ હતો.દરમિયાન, આરોપી કેદીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પેરોલ રજા માટે અરજી કરી હતી. હાઈકોર્ટના હુકમ (સ્પે. ક્રિમી.એપ્લી. નં. ૬૨૬૯/૨૦૨૬) અનુસાર તેને ૭ મે, ૨૦૨૬ના રોજ ૭ દિવસની પેરોલ રજા પર મુક્ત કરવામાં આવ્યો હતો. રજાની શરતો મુજબ, કેદીએ પોતાની રજા પૂર્ણ થતાં ૧૫ મે, ૨૦૨૬ના રોજ સાંજે જેલબંધી પહેલા વડોદરા મધ્યસ્થ જેલ ખાતે અચૂક હાજર થવાનું હતું. પરંતુ નિયત સમય મર્યાદા વીતી જવા છતાં કેદી જેલમાં હાજર થયો ન હતો અને પોતાની ધરપકડ ટાળવા માટે બારોબાર નાસી છૂટ્યો હતો.આ બાબતને ગંભીરતાથી લઈને વડોદરા મધ્યસ્થ જેલના જ્યુડીશીયલ જેલર જે.એમ. શામળ દ્વારા કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. કાલોલ પોલીસે ધી પ્રિઝન્સ એક્ટની કલમ ૫૧ (૧) (બી) મુજબ નો.કો.ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે મધવાસ બીટના એ.એસ.આઈ. વધુ તપાસ ચલાવી રહ્યા છે અને ફરાર કેદીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### વચેટિયાઓ વહીવટગીરી કરી સરકારી તિજોરીને નુકસાન પહોંચાડતા હોવાની લોકચર્ચા

## દાહોદ જિલ્લાની RTO ચેકપોસ્ટો ઉપર ભ્રષ્ટચાર ચાલતો હોવાની રાવ

(પ્રતિનિધિ) દાહોદ, તા.27
દાહોદ જિલ્લાની આરટીઓ ચેકપોસ્ટો ઉપર કંઈજ આવો જ ખાયકીનો ખેલ ચાલી રહ્યો હોવાનું જાણવા મળેલ છે. જેમાં અધિકારીઓ, કર્મચારીઓ અને દલાલોની ત્રિપુટી રંગ જમાવીને લાખો રૂપિયાની ખાઈકી થઈ રહી છે. જેમાં કેટલીક વખત વાહનોને ખોટી રીતે હેરાન-પરેશાન કરવામાં આવી રહ્યા છે. તો ક્યારેક વાહનો પાસે તોડ કરે કે જિલ્લાની આરટીઓ ચેકપોસ્ટ અધિકારીઓ-કર્મચારીઓ માટે ચારેક વાહનો પાસે તોડ કરે કે છોડની નિતી અપનાવી ભ્રષ્ટાચાર અપનાવી રહ્યો છે, આમ, દાહોદ જિલ્લાની આરટીઓ ચેકપોસ્ટ અધિકારીઓ-કર્મચારીઓ માટે મધપુડો બની ગઈ છે તોડ છોડની નિતી અપનાવી ભ્રષ્ટાચાર અપનાવી રહ્યો છે, આમ, દાહોદ મપપુડો બની ગઈ છે. જ્યાં એસીબી એ સાવધાન અને સતક બની દાહોદ જિલ્લાની આર્ટીઓ ચેકપોસ્ટો ઉપર ચાંપતી નજર રાખીને બેસવું પડશે. એટલું જ નહીં હપ્તાની લાલચમાં સરકારી તિજોરીને નુકશાન કરતાં અધિકારીઓ-કર્મચારીઓને પણ ક્યારેક ક્ષમા ન આપી જાહેરમાં સજા કરવી જોઈએ. દાહોદ આરટીઓ ચેક પોસ્ટ ઉપર લાઈસન્સ ના ટેસ્ટ માટે ટાઈમ આપ્યા બાદ લોકો ને ફેલ પણ કરવામાં આવે છે તેમા પણ ટેસ્ટ માટે વાહન દલાલો દ્વારા વ્યવસ્થા કરવામાં આવે છે અને લાઈસન્સ માટે પાસ કરવા માટે સ્પેશ્યલ અલગ થી ચિઠ્ઠીઓ બનાવવામાં આવે અને ચીઠ્ઠી વાળા વાહન ચાલક નું ટેસ્ટ મા પાસ કરી દેવામાં આવે અને તેના પાસે થી મોં માગી રકમ ખરખેરી લેવામાં આવે છે એવા બધા કામો દલાલો દ્વારા કરવામાં આવે છે આરટીઓ કચેરી જાણે ભ્રષ્ટાચાર થી ભરપૂર ભરેલ હોય તેની સંપૂર્ણ તપાસ કરવામાં આવે તો ઘણું બધું બહાર આવે તેમાં કોઈ નવાઈ નહીં આરટીઓ કચેરી બહાર લાઈસન્સ વગર ના દલાલો ટેબલો નાખી ખુલ્લેઆમ લુંટ ચલાવી રહ્યા છે તે પણ કોની રહેમ નજર હેઠળ ચાલી રહ્યો છે જેની તપાસ કરવામાં આવે તેવી લોકોની માગ ઉઠી રહી છેp

### ૧૨ વર્ષ સુધી નિઃસ્વાર્થ સેવા આપી

## ફતેપુરા સરકારી દવાખાનાના તબીબનો વિદાય સમારંભ યોજાયો



(પ્રતિનિધિ) ફતેપુરા, તા.27
આ પ્રસંગે ફતેપુરા નગરના આગેવાનો, ગ્રામજનો, દવાખાનાના ડોક્ટરો, આરોગ્ય કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી. ઉપસ્થિત સૌએ ડૉ. રાઠવા સાહેબની ૧૨ વર્ષની નિષ્કપટ સેવા, દર્દીઓ પ્રત્યેની લાગણી, સરળ સ્વભાવ અને આરોગ્ય ક્ષેત્રે આપેલા નોંધપાત્ર યોગદાનને યાદ કરી તેમની કામગીરીની પ્રશંસા કરી હતી. સમારંભ દરમિયાન મહેમાનો અને સહકર્મચારીઓ દ્વારા ડૉ. રાઠવાને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત લોકોએ તાળીઓના ગડગડાટ વચ્ચે તેમના કાર્યને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી. ડૉ. રાઠવાએ પોતાની ફરજ દરમિયાન હજારો દર્દીઓને સારવાર આપી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ખાસ કરીને ગરીબ અને અંતરિયાળ વિસ્તારના દર્દીઓ માટે તેમણે હંમેશા સહાનુભૂતિ અને સમર્પણ સાથે કામગીરી કરી હતી.

## ફતેપુરા તાલુકો કુમારશાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી



**સુખસર :** ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા નગરમાં આવેલ તાલુકા કુમારશાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે ફતેપુરા ગ્રામ પંચાયતના સરપંચ પ્રવીણભાઈ પંચાલ પૂર્વ સરપંચ શ્રી ડોક્ટર અશ્વિનભાઈ પારગી ભાજપ નેતા પંકજભાઈ પંચાલ રોગી કલ્યાણ સમિતિ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ફતેપુરાના સભ્ય શબ્બીરભાઈ સુનેલવાલા શાળાના આચાર્ય, શિક્ષકો, શિક્ષિકાઓ બહેનો પત્રકાર,ગામના આગેવાનો, વિદ્યાર્થીઓ તેમજ શાળામાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળામાં પ્રવેશ મેળવતા બાળકોને દફતર, કંપાસ અને શાળામાં વિવિધ પ્રવૃતિમા અગ્રેસર રહેતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને મહાનુભવોના હસ્તે ગિફ્ટ તેમજ પંકજભાઈ પંચાલના હસ્તે રોકડ ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા દાતાઓનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ સંચાલન શાળાના શિક્ષક શૈલેષભાઈ પ્રજાપતિએ આભાર વિધિ શિક્ષક કમલેશભાઈ પ્રજાપતિએ કરી હતી.

### કાર્યક્રમમાં પી.આઈ., પીએસઆઈ સહિતના મોટા અધિકારીઓ હાજર રહ્યા

## વિશ્વ ડ્રગ્સ દિવસ નિમિત્તે ફતેપુરા પોલીસ દ્વારા નશાબંધી જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**આજનો યુવાન દેશનું ભવિષ્ય છે અને તેને નશાની ગર્તામાં ધકેલાતો અટકાવવો એ સમાજની સામૂહિક જવાબદારી**



(પ્રતિનિધિ) ફતેપુરા, તા.27
ફતેપુરા પોલીસ સ્ટેશન દ્વારા વિશ્વ ડ્રગ્સ દિવસ નિમિત્તે ૨૬ જૂનના રોજ નશાબંધી જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય ડ્રગ એબ્યુઝ અને ઈલીસીટ ટ્રાફિકિંગ વિરુદ્ધના દિવસની ઉજવણીના ભાગરૂપે યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવાધનને નશાના દૂષણથી દૂર રાખી સમાજમાં જાગૃતિ ફેલાવવાનો હતો. કાર્યક્રમમાં પી.આઈ. પી.એ. જાડેજા અને પીએસઆઈ આર.વી. રાઠોડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પી.આઈ. જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં ગ્રામજનો, યુવાનો, સરપંચો અને સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રારંભમાં પોલીસ અધિકારીઓએ ઉપસ્થિત લોકોને સંબોધતા નશાકારક પદાર્થોના સેવનથી થતી શારીરિક, માનસિક અને સામાજિક હાનિ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. પી.આઈ. પી.એ. જાડેજાએ જણાવ્યું હતું કે, "નશો માત્ર વ્યક્તિને નહીં પરંતુ આખા પરિવાર અને સમાજને બરબાદ કરી નાખે છે. ડ્રગ્સના દૂષણને જડમૂળથી દૂર કરવા પોલીસ અને જનતાનો સહકાર અત્યંત જરૂરી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે આજનો યુવાન દેશનું ભવિષ્ય છે અને તેને નશાની ગર્તામાં ધકેલાતો અટકાવવો એ સમાજની સામૂહિક જવાબદારી છે. તેમણે ગ્રામજનોને અપીલ કરી હતી કે જો કોઈ શંકાસ્પદ નશાના કારોબાર અંગે માહિતી મળે તો તાત્કાલિક પોલીસને જાણ કરવી. માહિતી આપનારની ઓળખ સંપૂર્ણ ગુપ્ત રાખવામાં આવશે તેવી ખાતરી પણ આપવામાં આવી હતી.

## સનાતન દર્શન સાયકલ યાત્રાએ નીકળેલો યુવાન ગરબાડા આવતા સ્વાગત

(પ્રતિનિધિ) દાહોદ, તા.27
મૂળ જય પ્રભાગ રામ ગોંડાનો યુવાન શિવમ અયોધ્યાજી ૨૨ જૂન-૨૦૨૪ થી સનાતન દર્શન સાયકલ યાત્રા કરવા માટે અયોધ્યાથી નીકળ્યા હતા. આ યાત્રા પાછળનો મુખ્ય ધ્યેય ભારત દેશની સનાતન સંસ્કૃતિને જાણવાનો તેમજ ભૂતકાળમાં ગૌમાતાની જે પૂજા થતી હતી,દરેક ઘરને આંગણે ગૌમાતા જોવા મળતી હતી અને હાલમાં ગૌમાતાનો જે તિરસ્કાર થઈ રહ્યો છે તેની પાછળનું કારણ જાણવાનું તેઓએ જણાવ્યું હતું. આ યાત્રા દરમિયાન તેઓ તારીખ ૨૫ જૂનના રોજ દાહોદ જિલ્લાના ગરબાડા ખાતે આવી પહોંચ્યા હતા. નગરના યુવાનો દ્વારા તેમને સંપૂર્ણ સહકાર આપવામાં આવ્યો હતો.

### દાહોદમાં ગોધરા રોડ ખાતેના કૃત્રિમ તળાવમાં તાજિયા ઠંડા કરાયા

## દાહોદમાં કોમી એકતા અને શાંતિપૂર્ણ માહોલમાં વિસર્જનની સંપન્ન

(પ્રતિનિધિ) દાહોદ, તા.27
દાહોદ શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મોહરમ પર્વની પરંપરાગત શ્રદ્ધા અને શાંતિપૂર્ણ માહોલમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. હઝરત ઈમામ હુસૈન અને કરબલાના શહીદોની યાદમાં યોજાયેલા આ પર્વને લઈને સમગ્ર દાહોદ પંથકમાં ભારે આસ્થા અને શોકનું વાતાવરણ જોવા મળ્યું હતું.મોહરમના મુખ્ય દિવસે દાહોદના વિવિધ વિસ્તારો, મહોલ્લાઓ અને કમિટીઓ દ્વારા રાત-દિવસ મહેનત કરીને અત્યંત સુંદર, ઊંચા અને કલાત્મક તાજીયા તૈયાર કરવામાં આવ્યા હતા. આ તાજીયાઓમાં કરવામાં આવેલું બારીક નકશીકામ અને રંગબેરંગી રોશની લોકોમાં ભારે આકર્ષણ નું કેન્દ્ર બન્યા હતા. રાત્રીના સમયે આ તમામ નાના-મોટા તાજીયાઓને એકત્રિત કરવામાં આવ્યા હતા અને ત્યારપછી નગરમાં એક ભવ્ય જુલુસ કાઢવામાં આવ્યું હતું. આ અદભુત નયન રમ્યતાજીયાઓને જોવા માટે દાહોદ શહેર તેમજ આજુબાજુના વિસ્તારો માંથી પણ હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા.તાજીયાનું આ ભવ્ય જુલુસ શહેરના નિર્ધારિત પરંપરાગત માર્ગો પરથી પસાર થયું હતું. જુલૂસ આગળ વધી રહ્યું હતું ત્યારે સ્થાનિક અખાડાના ઉત્સાહી યુવાનો અને બાળકો દ્વારા કરવામાં આવેલા લાઠી, તલવારબાજી અને વ્યાયામના હેરતભર્યા કરતબોએ જુલુસમા ભારે આકર્ષણ જમાવ્યું હતું. યુવાનોના આ કરતબો જોઈને જંગી જનમેદની મંત્રમુગ્ધ થઈ ગઈ હતી. જુલુસના માર્ગમાં ઠેર-ઠેર સેવાભાવી સંગઠનો અને નાગરિકો દારા ઠંડા પાણી, શરબત અને ન્યાઝ (પ્રસાદ) માટેની છબીલો ઊભી કરવામાં આવી હતી, જ્યાં લોકોએ ઉત્સાહપૂર્વક સેવા આપી હતી.સમગ્ર તહેવાર દરમિયાન શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે દાહોદ જિલ્લા પોલીસ પ્રશાસન દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.